: : ફક્ત વરસાદ : : ( મે ૨૦૨૦)

વર્ષ દરમ્યાન ઋતુ ઋતુની કાળ-રેખ આપણને અપેક્ષિત રહેતી આવી છે. ઉનાળો, શિયાળો, વસંત, વર્ષા વગેરે પોતપોતાની સીમામાં હોય છે, એમ આપણે માનતાં રહ્યાં છીએ.

એક સમય એવો હતો જ્યારે ઋતુનાં આગમન અને વિદાય ઉપર આપણે આધાર રાખી શકતાં. એ સમય તો જાણે ક્યારનો દૂર થઈ ગયો લાગે છે. હવે તો ક્યારેક જાણે ઋતુઓ એકમેકમાં ભળી જાય છે, ક્યાં તો સાવ છૂટી પડી જાય છે. અત્યારે તો એક ચંદ્ર જ ધાર્યા પ્રમાણે પૂર્ણ, અને ક્ષીણ થતો જાય છે, પણ સૂર્યનું વર્તન ક્યાં વિશ્વસનીય રહ્યું છે? ક્યારેક લાગે કે એનું જોર અકારણ, કસમયે બહુ વધી ગયું છે, તો ક્યારેક એ એમ જ સાવ નબળો બની જતો પણ લાગે.

એની નબળાઈનું પ્રમાણ તો અમને હમણાં ખાત્રીપૂર્વક મળી ગયું. ન્યૂયોર્ક શહેરની આસપાસ, તેમજ અમેરિકાના સમગ્ર ઈશન પ્રદેશમાં ત્રણથી ચાર અઠવાડિયાં સતત વરસાદ પડતો રહ્યો. બે-ત્રણ દિવસે એક વાર જરાક માટે કે થોડા કલાકો માટે ઝાંખો-પાંખો સૂર્ય બહાર આવ્યો હોય. કાળાં વાદળ અને આકાશી વારિની સામે એનું કાંઈ ચાલે નહીં, એટલે પાછો એ દૂર સરી જાય. અહીં મે મહિનામાં ઘણો વરસાદ પડતો હોય છે, એ વાત સાચી. વીજળી ચમકે, વાદળ ગગડે, આકાશમાં મોટા કડાકા ને ભડાકા થતા દેખાય ને સંભળાય. મે મહિનામાં વરસાદ સાથે આવા ઝંઝાવાત પણ થાય જ. ને છતાં, વીસ દિવસ પાણી પડતું અટકે જ નહીં, એવું બનતું કોઈએ જોયું ના હોય.

ઉપરાંત, જો ઈશાન ભાગમાં ખૂબ પૂરની ભીતિ રહેલી હતી, તો અત્યંત વિશાળ એવા આ દેશના અન્ય પ્રદેશોમાં પાણીનો ભારે દુકાળ ચાલતો હતો. કુદરતનું વર્તન કેવું અગમ્ય હોય છે.

ભારતમાં પણ કુદરતની કૃપા પ્રમાણે થાય તો પહેલા વરસાદનો તો દિવસ પણ જાણે નક્કી ગણાતો હતો. પછી ખેતરોમાં લીલો રંગ લહેરાય, ને માટીની સુગંધ ફેલાય, જીવો ને જીવી મેળામાં મ્હાલે, ચરર ચરર ચકડોળ ચાલે, છોકરાં વરસાદમાં ન્હાય, કવિઓ વરસાદમાં પ્રેમનાં ગીતો લખે. કોઈ મેઘને સંદેશાવાહક દૂત બનાવવા પ્રેરાય, તો કોઈ કહે, કેમ કરીને કોરાં રહેવાય?

ગામડાંમાં હું ફરી છું, પણ ત્યાં ઊછરી નથી, તેથી શેઢો, કે ચાસમાં ભરાયેલાં પાણી, ને એમાં તરતું આકાશ, કે મોરની ગહેક, ને વહુવારુનો ઘુમટો વગેરે જેવાં અનેક લલિત પ્રતીકોનો ઉલ્લેખ કરવાનો હક્ક મને ક્યારેય જાણે મળ્યો નથી. પણ વાતાવરણની તાજગી જરૂર અનુભવી છે, માટીની મહેક હું જાણું છું૧, અને ઘરના આગલા વરંડામાંના હિંચકે બેસીને વરસાદને માણ્યાના આનંદને યાદ કરીને પરદેશમાં ઘણું યે ઝૂરી છું. મારી આંખોના આકાશમાંથી તો પાણી દસ-દસ વરસ સુધી નીતરતાં રહ્યાં હતાં. ઘર-ઝુરાપા ઉપર કાવ્યો પણ લખાયાં, ને ન્યૂયોર્કમાં જેવું ને જેટલી વાર આકાશ ગોરંભાયું તેટલી વાર સ્વદેશને સ્મરતી પણ રહી.

હજી સ્મરું છું – પ્રત્યેક દિવસે. એ મારા શ્વાસમાં ફરકે છે, ને મારા લોહીના દરેક ટીપામાં વસે છે. પરંતુ વર્ષા ઋતુમાં માત્ર દેશના સંદર્ભોને સંકોરતી રહું, એવું નથી. છેલ્લાં અનેક વર્ષોથી વિશ્વભરના વરસાદને જોતી, ને માણતી આવી છું. એના એ વરસાદને જુદી જુદી રીતે પામતી, ને આસ્વાદતી રહી છું. વરસાદ તે કાંઈ ફક્ત

વરસાદ હોય છે? કોઈ પણ સ્થાનની એ જીવાદોરી હોય છે, ત્યાંના સુખ-દુઃખનું એ કારણ હોય છે, ત્યાંના જીવનને મળેલો એ આકાર હોય છે.

પ્રવાસમાં હોઉં ત્યારે વરસાદ નડતરરૂપ પણ બને. ખાસ કરીને યુરોપના દેશોમાં. એક તો ત્યાં આમે ય સૂર્ય નરમ જેવો હોય, ને પછી વાદળ ઘેરાય એટલે હવામાં ઠંડક વધી જાય. વરસાદને કારણે ઠંડી, ભીનાશ, વહેલું અંધારું. આવે વખતે પ્રવાસી હોવું આકરું બને. ફોટા ના લઈ શકાય, તે બહુ ખૂંચે.

ઉષ્ણકટિબંધના દેશોનો વરસાદ બહુ સરસ. ઠંડક ના વધે, બલ્કે ગરમી ને ભેજ વધે. બહુ અકળામણ ના થાય, ને પ્રકૃતિ આખી હસતી લાગે. ધોધમાર હોય ત્યારે કદાચ છત્રી જોઈએ, બાકી છાંટણાંમાં થઈને તો આનંદથી હરતાં-ફરતાં રહેવાય. ફિલિપ્પિન્સમાં, હવ્વાઈમાં, બાલીમાં વગેરે ઘણી જગ્યાઓએ એવું બન્યું છે. ત્યારે હું પણ પ્રકૃતિની સાથે હસતી રહેલી.

આપણા મણિપુરના ઈમ્ફાલમાં રહી તેટલા દિવસ લગભગ રોજ વરસાદ પડે, અને એવો ભારે કે રિક્ષામાં બેઠાં બેઠાં પણ ભીનાં થઈ જવાય. રિક્ષા ચલાવનાર તો તદ્દન પલળી જાય. એક વાર હું 'ઈમા માર્કેટ' કહેવાતા બજારમાં જવા નીકળેલી. એ માર્કેટને અસાધારણ કહી શકાય, કારણકે એમાં વેચાણ કરનાર કેવળ સ્ત્રીઓ હોય છે, તેમજ ખરીદનાર પણ સ્ત્રીઓ જ હોય છે. જોરથી વરસાદ પડતો હતો. રસ્તાઓ પર પાણી ભરાઈ ગયેલાં. રસ્તાને છેડે ચાલવા જાઓ તો પગ કાદવમાં પડે. તોયે, સારું જ થયું કે હું પાછી ના વળી ગઈ. આવું બજાર, ઊંચા અંબોડા તથા કપાળે ચંદન લગાડેલી વૈષ્ણવ સ્ત્રીઓ, તેમજ મણિપુરના હાથવણાટનાં અદ્ભુત કાપડ બીજે ક્યાં જોવા મળત?

ઈન્ડોનેશિયાના બાલી ટાપુ પર એક મહિનો રહેલી, ત્યારે વરસાદને બહુ જ માણેલો. રોજ સવારેએ ઊઠીને આકાશ સામે જોઉં, ને અનુમાન કરું કે એ દિવસે ક્યારે વરસાદ પડશે. પછી એની રાહ જોઉં, ને એને માણવા, આવકારવા, ઓરડાની બહારના નાના વરંડામાં અથવા કોઈ કાફેમાં બેસી જાઉં. બાલીનો વરસાદ સરસ ટપ ટપ કરતો પડે છે. ત્યાં એટલી બધી લીલોતરી, ઝાડ-પાન-ફૂલો હોય છે, ને પાંદડે પાંદડેથી દૈવી વારિ-બિંદુનો ધ્વનિ ઉત્પન્ન થતો જતો સંભળાય છે.

ભારતમાં આવી રીતે વરસાદ માણવા માટે એક વાર ખાસ યોજના કરીને જુલાઈમાં અમદાવાદ ગઈ હતી. ત્યાં પણ સવાર પડે, ને આકાશ સામે જોઉં, આખો દિવસ રાહ જોતી રહું, પણ એ વર્ષે વરસાદ પડ્યો જ નહતો. વસ્તી, વાહનો, અત્યધિક બાંધકામ, પ્રદૂષણ વગેરે અનિચ્છનીય કારણોને લીધે દેશના વરસાદને ઝંખનાર જીવ હવે બળતો રહે છે.

અમેરિકામાં ભાગ્યે જ વરસાદની અછત હોય છે. દેશના મોટા ભાગમાં શિયાળુ બરફ ઓગળીને બનેલાં પાણીથી નદીઓ, તળાવો અને પીવાના પાણીનાં મોટાં તળાવ જેવાં ટાંકાં ભરાઈ જતાં હોય છે. વળી, વરસાદ આખુયં વર્ષ પડ્યા કરતો હોય છે. શિયાળે, ઉનાળે, વસંતમાં ને પાનખરમાં – આકાશ જલાર્દ્ર થતું જ રહે. વર્ષોના વસવાટ દરમ્યાન મેં નોંધ લીધી છે કે કયા મહિનાઓ ખરેખર વરસાદિયા ગણાય. એ મુજબ – શિયાળુ વરસાદ થાય જાન્યુઆરીમાં. વાસંતી ફોરાં માટે તો એપ્રિલ વખણાતો આવ્યો છે, મે મહિનામાં ગાજવીજ સાથેનો વરસાદ અપેક્ષિત છે. સૌથી ભીનો મહિનો ઑગસ્ટ છે, તે ખ્યાલ બધાંને હોતો નથી. પછી

નવેમ્બરમાં વરસાદ થવો જોઈએ. નિયમ તો આ પ્રમાણે છે, પણ ઘણી વાર અહીં પણ, આમ ના પણ બને.

વરસાદનું મનસ્વીપણું આટલા મોટા આ દેશને નચાવતું રહેતું હોય છે. ઓછો પડે તો પાકને બાળે, ખૂબ પડે તો નદી-નાળાં ઊભરાય, ને રસ્તાઓ પર હોડીઓ ફરતી થઈ જાય, અચાનક કરા પડે તો વાહનોના કાચ તોડી નાખે, ને વંટોળ બનીને આવે તો તો ક્ષણોમાં મોટી તારાજી કરી દે. વરસાદના નાનાવિધ વિકળ ને વિકરાળ સ્વરૂપોથી જે વાસ્તવિકતા બને છે, તે જ અહીંના જીવનનો મહદ્ અંશ હોય છે.

( ૯૭૦ શબ્દ ) ---- પ્રીતિ સેનગુપ્તા